ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૨૨/૦૩/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
................................, ભાવનગર.

## 'Spectroscopy : Basic to Applications' લેકચરનું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા થયેલ આયોજન.

૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૦/૦૨/૨૦૧૬ થી તા.૨૦/૦૩/૨૦૧૬ આ એક મહિનાને વિજ્ઞાનની અનેકવિધ પ્રવૃતિઓ સાથે ઉજવવાની કામગીરી હાથ ધરેલ છે.

તેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કાર્યરત ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબ અંતર્ગત તા.૨૦/૦૩/૨૦૧૬ને રવીવારના રોજ બપોરે ૩:૧૫ કલાકે સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમીકલ્સ ઈન્સ્ટીટ્યુટ, ભાવનગર (**CSMCRI**)ના **ડાયરેકટર ડૉ. અમીતાવ દાસ** દ્વારા **'Spectroscopy : Basic to Applications'** વિષય પર ઓડીયો વિઝયુઅલ લેકચરનું આયોજન શિવશકિત હોલ, ક્રેસંટ સર્કલ, ભાવનગર ખાતે થયેલ. આ સાથે વિષય સંલગ્ન કેમેસ્ટ્રી પર આધારીત પ્રયોગોનું ક્રિએટીવ કેમેસ્ટ્રી કલબના સભ્યો દ્વારા પ્રદર્શન નિદર્શનનું આયોજન કરવામાં આવેલ.

ડૉ. અમીતાવ દાસે પોતાના વકતવ્યમાં સ્પેકટ્રોસ્કોપી વિશે વીસ્તૃત માહિતી આપતા જણાવેલ કે દરેક પદાર્થ કે વસ્તુ જે આપણને રંગીન દેખાય છે, તેની પાછળ પદાર્થમાં રહેલ ઈલેક્ટ્રોનની સ્થિતિ જવાબદાર છે. આ ઉપરાંત સ્પેકટ્રોસ્કોપીમાં ઉપયોગી એવા એડવાન્સ સ્પેકટ્રોમીટર વિશે પણ માહિતી આપેલ. વધુમાં તેમણે જણાવેલ કે આપણે જે રત્નો હાથમાં પહેરીએ છીએ એ રત્નો હકિકતે રંગરહિત હોય છે. અને તેમનો રંગ તે રત્નોમાં રહેલ અમુક અશુધ્ધિને આભારી છે. તેમણે રાસાયણીક પદાર્થોની હાજરી માટે વપરાતા સુચકના બંધારણની માહિતી આપેલ. સ્વયં પ્રકાશિત પ્રાણી આગીયાના પ્રકાશ પાછળ પણ ઘણી જટીલ રાસાયણીક ક્રિયા જવાબદાર છે. તેની પણ વિસ્તૃત માહીતી આપેલ.

ઉપરોકત કાર્યક્રમમાં ડૉ. અમીત મેહતા (જનરલ મેનેજર, એકસલ ઈન્ડસ્ટ્રીઝ, ભાવનગર), ડૉ. હિતેષ શાહ(એસોશીએટ પ્રોફેસર, સર પી.પી. ઈન્સટીટ્યુટ ઓફ સાયન્સ), શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખશ્રી કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર તથા આચાર્ય શ્રી બી, એમ કોમર્સ હાઈસ્કુલ), તથા ડૉ.ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ) વગેરે મહાનુભાવો હાજર રહયા હતા. ઉપરોકત કાર્યક્રમનો કુલ મળીને ૨૫૦ જેટલા વિધાર્થીઓ તથા શિક્ષક મિત્રોએ લાભ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.